RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 13 * Issue No. 09 * Date: 28.10.2026,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

માત્ર એસસી-એસટી હોવું પુરતું નથી આરોપો સ્પષ્ટ હોવા જોઈએ : હાઈકોર્ટ



લખનઉમાં અલ્હાબાદ હાઈકોર્ટે એટ્રોસિટી કેસમાં મહત્વપૂર્ણ અવલોકન કર્યું છે. કોર્ટે જણાવ્યું કે, હૈદ્ઁમાં અપમાનજનક કે જાતિસૂચક અપશબ્દોનો સ્પષ્ટ ઉલ્લેખ હોવો જોઈએ. માત્ર ફરિયાદી જીઝ/જી હોવાથી ગુનો સાબિત થતો નથી. જસ્ટિસ સંતોષ રાયની બેંચે અમરનાથ ચૌધરીની અપીલ પર સુનાવણી કરતા આ સ્પષ્ટતા કરી. કોર્ટે જીઝ/જી એક્ટ હેઠળની કાર્યવાહી રદ કરી, પરંતુ મારપીટના કેસમાં રાહત આપવાનો ઇનકાર કર્યોમાત્ર એસસી-એસટી હોવું પુરતું નથી આરોપો સ્પષ્ટ હોવા જોઈએ : હાઈકોર્ટએટ્રોસિટી કેસમાં અલ્લાહાબાદ હાઈકોર્ટનું અવલોકનઅપમાજનક કે જાતિસૂચક અપશબ્દોનો ઉપયોગ કર્યો હોવાનો એફઆઈઆરમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવો જોઈએલખનઉ : એસસી, એસટી એક્ટને લઈને અલ્લાહાબાદ હાઈકોર્ટે એક મામલાની સુનાવણી દરમિયાન કહ્યું હતું કે માત્ર ફરિયાદીનું માત્ર એસસી, એસટી હોવું પુરતું નથી, આરોપો પણ સ્પષ્ટ હોવા જોઈએ. જો એફઆઈઆરમાં જાતિસૂચક અપશબ્દો કે જાતિના આધારે અપમાનિત કરવાના આરોપોનો સ્પષ્ટ ઉલ્લેખ ના હોય તો માત્ર પરિસ્થિતિના આધારે ગુનો ના ગણી શકાય.અલ્લાહાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ સંતોષ રાયની બેંચે કહ્યું હતું કે અમરનાથ ચૌધરીની અપીલ પર સુનાવણી કરતી વખતે એસસી, એસટી કાયદા અંગે કેટલીક સ્પષ્ટતા કરી હતી. ફરિયાદીનો દાવો હતો કે આરોપીએ તેની સાથે મારપીટ કરી હતી, એફઆઈઆરમાં એસસી, એસટી એક્ટ હેઠળ પણ કલમો લગાવવામાં આવી હતી.બાદમાં આરોપી દ્વારા હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી, હાઈકોર્ટે એસસી, એસટી એક્ટ હેઠળની કાર્યવાહી રદ કરી હતી જ્યારે મારપીટની કાર્યવાહીમાં રાહત આપવાની ના પાડી દીધી હતી.

આ દરમિયાન હાઈકોર્ટે એવી સ્પષ્ટતા કરી હતી કે એફઆઈઆરમાં એવો ઉલ્લેખ નથી કે જાતિ આધારિત અપમાન કરવામાં આવ્યું હતું અને અપશબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. માટે માત્ર પરિસ્થિતિના આધારે એસસી, એસટી કાયદા હેઠળ ગુનો નથી બનતો તેથી આ કાયદા હેઠળ કાર્યવાહી ના કરવામાં આવે, જોકે હાઈકોર્ટે ફરિયાદી સાથે મારપીટ કરવામાં આવી તે મામલામાં આરોપીને કોઇ જ રાહત આપવાની ના પાડી દીધી હતી, તેથી હાલ આરોપી માત્ર એસસી, એસટી કાયદા હેઠળ કાર્યવાહીથી જ બચી શક્યો છે, તેની સામે મારપીટનો કેસ ચલાવવામાં આવશે.

IT સેક્ટરમાં ભૂકંપ! Microsoftની ભારત સહિત ૪ દેશોના ૬૦ હજાર કર્મચારીઓને સ્વૈચ્છિક રાજીનામાની



માઈક્રોસોફ્ટે છેં ક્ષેત્રે મોટા રોકાણ અને ખર્ચ ઘટાડવા માટે ભારત, અમેરિકા, યુકે અને કેનેડામાં ૬૦,૦૦૦ કર્મચારીઓને સ્વૈચ્છિક રાજીનામાની ઓફર કરી છે. આ 'વોલન્ટરી બાયઆઉટ' પ્રોગ્રામ લેવલ ૭૦ અને તેનાથી નીચેનાહોદ્દા ધરાવતા કર્મચારીઓ માટે છે. છેં એક્સપિરિયન્સ, કોપાયલટ, ફાઇનાન્સ, ઊૅઈ, ઠર્લ્ટ અને વિન્ડોઝ + ડિવાઇસીસ વિભાગોને અસર થશે. માર્કેટિંગ અને સાયબર સિક્યોરિટીને બાકાત રખાયા છે.આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ટેક્નોલોજી ક્ષેત્રે ક્રાંતિ લાવી રહ્યું છે, પરંતુ તેની સાથે કંપનીઓના ખર્ચ અને માનવ સંસાધનોનું સમીકરણ પણ ઝડપથી બદલાઈ રહ્યું છે. વિશ્વની અગ્રણી ટેક દિગ્ગજ કંપની માઈક્રોસોફ્ટ હાલમોટા પાયે છેં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં મૂડીરોકાણ કરી રહી છે. આ વધતા ખર્ચને નિયંત્રિત કરવા અને સંતુલન જાળવવા માટે કંપનીએ ભારત, અમેરિકા, યુકે અને કેનેડામાં કામ કરતા આશરે ૬૦,૦૦૦ જેટલા પાત્ર કર્મચારીઓ માટે સમય-મર્યાદિત 'વોલન્ટરી બાયઆઉટ' (સ્વેચ્છિક રાજીનામું/એક્ઝિટ) પ્રોગ્રામની જાહેરાત કરી છે. ન્યૂઝ એજન્સી રોઇટર્સના અહેવાલ મુજબ, આ યોજના માઈક્રોસોફ્ટના વૈશ્વિક સ્ટાફના ૨૫% કરતા પણ વધુ હિસ્સાનેઆવરીશકેછે.માઈક્રોસોફ્ટ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, આ પ્રોગ્રામ ચાર દેશો કેનેડા, ભારત, યુનાઇટેડ કિંગડમ અને યુનાઇટેડ સ્ટેટ્સમાં ભાગ લેતી ટીમોના લેવલ ૭૦ અને તેનાથી નીચેના હોદ્દા ધરાવતા પાત્ર કર્મચારીઓ માટે ઉપલબ્ધ રહેશે. કંપનીના જણાવ્યા મુજબ, કર્મચારીઓને આ ઓફરની વિગતો ખૂબ જ ટૂંકા ગાળામાં મોકલી દેવામાં આવશે, જેનાથી તેઓ નાણાકીય અને સંસ્થાકીય સહાય સાથે કંપનીમાંથી સ્વેચ્છાએ બહાર નીકળવાનો વિકલ્પ પસંદ કરી શકે.કયા વિભાગોને અસર થશે અને કોને બાકાત રખાયા?આવરી લેવાયેલા વિભાગો: છેં એક્સપિરિયન્સ, કોપાયલટ, ફાઇનાન્સ, હ્યુમન રિસોર્સિસ, એક્સબોક્સ, અને વિન્ડોઝ + ડિવાઇસીસ.બાકાત રખાયેલા વિભાગો: માર્કેટિંગ, કોમર્શિયલ બિઝનેસ અને સાયબર સિક્યોરિટીટીમોનેઆપ્રક્રિયામાંથી સંપૂર્ણપણે મુક્ત રાખવામાં આવી છે.છેં પાછળ ૧૭૫ બિલિયન ડોલરનો જંગી ખર્ચમાઈક્રોસોફ્ટ સહિતની ગ્લોબલ ટેક કંપનીઓડેટા સેન્ટર્સ, અદ્યતન પ્રોસેસિંગ ચિપ્સ અને છેં સર્વર્સ પાછળ સેંકડો અબજ ડોલરનું આંધણ કરી રહી છે.

નેતન્યાહુ ચૂંટણીની પૂર્વસંધ્યાએ ઈરાન પર હુમલો કરવાની ફિરાકમાં હતા



ઈઝરાયેલમાં ચૂંટણી પૂર્વે વડાપ્રધાન નેતન્યાહુએ ઈરાન પર હુમલો કરવાનો આદેશ આપ્યો હતો,પરંતુલશ્કરી અધિકારીઓએ યુદ્ધની સંભાવનાને કારણે નિર્ણય મોકૂફ રાખ્યો. આ મુદ્દે પીએમ અને લશ્કરી વડા વચ્ચે ભારે સંઘર્ષ થયો હોવાના અહેવાલ છે, જોકે નેતન્યાહુએ તેને નકારી કાઢ્યા છે. વિપક્ષે નેતન્યાહુ પર રાજકીય કારકિર્દી બચાવવા માટે દેશના હિતોને દાવ પર લગાવવાનો આરોપ મૂક્યો છે.ઈઝરાયેલના લશ્કરના ભારે વિરોધના પગલે પડ્યોઈઝરાયેલમાં ચૂંટણીની પૂર્વસંધ્યાએ પીએમ અને લશ્કરના ટોચના અધિકારીઓ વચ્ચે ઈરાન પર હુમલાને લઈ ભારે સંઘર્ષના અહેવાલનેતન્યાહુ ઈઝરાયેલમાં ૧૯ વર્ષથી સત્તા પર, વર્તમાન ચૂંટણી તેમની રાજકીય કારકિર્દીની અંતિમ ચૂંટણી સાબિત થઈ શકેજેરુસલેમ : ઈઝરાયેલમાં ચૂંટણીની પૂર્વસંધ્યાએ એવા અહેવાલ ફરતાં થયા હતા કે ચૂંટણી પૂર્વે જ પીએમ નેતન્યાહુનો ઈરાન પર હુમલો કરવાને લઈને ઈઝરાયેલના લશ્કરના ટોચના અધિકારીઓ સાથે જબરદસ્ત સંઘર્ષ થયો છે. પીએમે ઈરાન સામે પગલાં લેવાનો આદેશ આપ્યો અને આર્મીને તેને લઈને નવેસરથી ઈરાન સાથે યુદ્ધ છેડાવવાની સંભાવના હોવાનુ લાગતા હુમલો ન કરતા નેતન્યાહુ અને આર્મી ચીફ ઓફ સ્ટાફ વચ્ચે જબરદસ્ત સંઘર્ષ થયો હોવાના અહેવાલ છે. જો કે પીએમ નેતન્યાહુએ આ વાત નકારી કાઢી હતી.નેતન્યાહુની ઓફિસે આ વાત નકારી કાઢતા તેને ફેક ન્યુઝ ગણાવ્યા હતા. આ અહેવાલ ઈઝરાયેલની ચેનલ ૧૨ પર પ્રકાશિત થયો હતો. સંરક્ષણ પ્રધાન કાત્ઝે આ અહેવાલ નકારી કાઢ્યો છે. કાત્ઝે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે ઈરાન પર હાલમાં હુમલાની કોઈ વાત જ નથી. હા, જો ઈરાન હુમલો કરે તો ઈઝરાયેલ ચોક્કસ પ્રતિકાર કરશે.આ અહેવાલના પગલે ઈઝરાયેલના વિપક્ષે સરકાર પર આરોપોની ઝડી વરસાવી છે. વિપક્ષનો આરોપ છે કે નેતન્યાહુતેમની રાજકીય કારકિર્દી બચાવવા માટે પ્રાદેશિક સ્થિરતાને દાવ પર લગાવી રહ્યા છે. નેતન્યાહુના ભૂતપૂર્વ હરીફ અને પૂર્વ લશ્કરી વડા ગેડી આઇસેનકોટે ચેતવણી આપી હતી કે નેતન્યાહુએ તેમના રાજકીય હિતોને દેશના હિતથી ઉપર ન મૂકે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું હતું કે નેતન્યાહુ મારા પર તમારી નજર છે.ઈઝરાયેલમાં ૨૭મી ઓક્ટોબરે યોજાનારી ચૂંટણીને લઈને કોઈપણ રાજકીય પક્ષને બહુમતી મળે તેમ માનવામાં આવતું નથી.



૧૦૦ ટકા ઈથેનોલથી ચાલતા વાહનોને સરકારની મંજૂરી

કેન્દ્ર સરકારે દેશમાં પેટ્રોલ-ડીઝલની આયાત ઘટાડવા મોટો નિર્ણય લીધો છે. માર્ગ અને પરિવહન મંત્રાલયે હવે ૧૦૦% ઈથેનોલથી ચાલતા ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોને મંજૂરી આપી દીધી છે. આ માટે કેન્દ્રીય મોટર વાહન એક્ટ-૧૯૮૯માં સુધારા કરાયા છે. આ વર્ષે જૂનમાં લોન્ચ થયેલું મારુતિ-સુઝુકીનું વેગન આર ફ્લેક્સ ફ્યુઅલ આ ક્ષેત્રે નવો ટ્રેન્ડ સેટ કરશે.દેશમાં જૂન માસમાં પહેલું ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિન લોંચ થયું હતું કાર મેકર કંપનીઓના ૧૦૦ ટકા ઈથેનોલ પ્રોજેક્ટનેપ્રોત્સાહન મળશેપેટ્રોલ-ડીઝલના હળવા વાહનોની શ્રેણીમાં ૩૦૦૦ કિલોના વજનની મર્યાદા વધારીને ૩૫૦૦ કિલો કરાઈનવી દિલ્હી : કેન્દ્રીય મોટર વાહન એક્ટ-૧૯૮૯માં ફેરફાર થયા છે. એમાં સૌથી મહત્ત્વનો બદલાવ ઈ-૧૦૦ની પૉલિસીનો છે. કેન્દ્રના માર્ગ અને પરિવહન મંત્રાલયે ૧૦૦ ટકા ઈથેનોલથી ચાલતા વાહનોને મંજૂરી આપી દીધી છે. તેનાથી દેશમાં ઈથેનોલ બ્લેન્ડિંગના સેક્ટરમાં મોટું પરિવર્તન આવશે. અત્યારે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવવામાં આવે છે. તેના બદલે હવે સંપૂર્ણ રીતે ઈથેનોલથી જ વાહનો ચાલે તેવા ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોનો યુગ શરૂ થશે.કેન્દ્ર સરકારના માર્ગ અને પરિવહન મંત્રાલયના નવા નોટિફિકેશન પ્રમાણે દેશમાં હવે સંપૂર્ણ રીતે ઈથેનોલથી ચાલતા વાહનો દોડી શકશે. ૧૦૦ ટકા ઈથેનોલ ફ્યુઅલમાં ચાલે તેવા ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિનના વાહનો માટે માર્ગ મોકળો થયો છે. આ વર્ષે જૂન માસમાં જ હજુ પહેલું વહેલું ૧૦૦ ટકા ઈથેનોલથી ચાલતું ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિન લોંચ થયું હતું. મારૂતિ-સુઝીકીએ વેગન આર ફ્લેક્સ ફ્યુઅલ લોંચ કરીને દેશમાં નવો ટ્રેન્ડ સેટ કર્યો હતો. તેના પગલે હવે ટોયોટા, ટાટા અને હ્યુન્ડાઈ જેવી કાર મેકર કંપનીઓ પણ ફ્લેક્સ ફ્યુઅલ કારના મોડલ પર કામ કરી રહી છે.ભારતમાં અત્યારે ઈ-૨૦ની પૉલિસી અમલી બની છે. તે પ્રમાણે વાહનોમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવેલું પેટ્રોલ ચાલે છે. સરકારે ઈ-૮૫નો નિર્ધાર પણ વ્યક્ત કર્યો હતો. એટલે કે પેટ્રોલનું પ્રમાણ માત્ર ૧૫ ટકા હોય અને ઈથેનોલ ૮૫ ટકા હોય એવા એન્જિનો બને તો તેને પણ મંજૂરી મળી જશે.

તંત્રી લેખ

અમેરિકામાં પણ ઉઠ્યો 'વોટ ચોરી'નો મુદ્દો! ટ્રમ્પની જાહેરાત- પુરાવા આપો અને કરોડોનું ઈનામ જીતો

અમેરિકામાં ૩ નવેમ્બર, ૨૦૨૬ની મિડટર્મ ચૂંટણી પહેલાં પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મોટો દાવ ખેલ્યો છે. તેમણે વોટર ફ્રોડના પુરાવા આપનારને ૧૦ લાખ ડોલર (આશરે ૯ કરોડ રૂપિયા)નું ઈનામ જાહેર કર્યું છે. ટ્રમ્પે 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરી ભૂતકાળની ચૂંટણીઓ અને આગામી ચૂંટણીમાં મતદાન ગેરરીતિના પુરાવા માંગ્યા છે. જોકે, ઈનામ ક્યાંથી આવશે તે સ્પષ્ટ નથી.અમેરિકામાં ૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાનારી મિડટર્મ ચૂંટણી પહેલાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વોટર ફ્રોડ એટલે કે મતદાનમાં ગેરરીતિના મુદ્દે મોટી જાહેરાત કરી છે. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પરની પોસ્ટમાં ચૂંટણીમાં વોટ ચોરીના ગુનાને સાબિત કરી શકે તેવા પુરાવા આપનારને ૧૦ લાખ ડોલર એટલે કે આશરે ૯ કરોડ રૂપિયાનું ઈનામ આપવાની વાત કરી છે. જોકે, આ ઈનામ કોણ આપશે અને તેની રકમ ક્યાંથી આવશે તે અંગે તેમણે સ્પષ્ટતા કરી નથી. ટ્રમ્પે અમેરિકામાં અગાઉ યોજાયેલી ચૂંટણીઓ અને આગામી મિડટર્મ ચૂંટણીમાં મતદાનની ગેરરીતિઓ અંગે પુરાવા આપવા લોકોને અપીલ કરી છે. તેમના દાવા મુજબ, ચૂંટણીમાં ગેરરીતિઓ થતી રહી છે અને મૃત વ્યક્તિઓના નામે પણ મતદાન કરવામાં આવે છે. જોકે, આ દાવાઓને સમર્થન આપતા ચોક્કસ પુરાવા અંગેની વિગતો પોસ્ટમાં આપવામાં આવી નથી.અમેરિકામાં ચૂંટણીની પારદર્શિતા અને મતદાનની વિશ્વસનીયતાને લઈને રાજકીય ચર્ચા વચ્ચે ટ્રમ્પે વોટર ફ્રોડ સામે કાર્યવાહી કરવાની વાત કરી છે. તેમણે ચૂંટણીમાં ગેરરીતિ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરીને સજા અપાવવાનો પણ દાવો કર્યો છે. ટ્રમ્પ લાંબા સમયથી અમેરિકાની ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિઓનો મુદ્દો ઉઠાવતા રહ્યા છે. મિડટર્મ ચૂંટણી પહેલાં આ મુદ્દાને ફરી આગળ ધરીને તેમણે પોતાના સમર્થકોને ચૂંટણી પ્રક્રિયા પર નજર રાખવા અને પુરાવા રજૂ કરવા અપીલ કરી છે.અમેરિકામાં મિડટર્મ ચૂંટણી શા માટે મહત્ત્વની?અમેરિકામાં ૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ મિડટર્મ ચૂંટણી યોજાવાની છે.

પોલીસ સરકારના સાનિધ્યમાં ગુંડાગીરી આચરી પ્રજામાં ભયનુ વાતાવરણ ઉભુ કરી રહી છે



"જ્યાં કાયદાના રક્ષક જ ભક્ષક બને, ત્યાં લોકશાહી નહીં મજાકશાહી પ્રવર્તે છે."

?ગુજરાત પોલીસ સંવર્ગના અધિકારી રાજદીપસિંહ નકુમ સામે બોટાદથી લઈને સુરત સુધી સતત સામે આવેલા ગેરવર્તણૂક, કસ્ટોડિયલ હિંસા અને સત્તાના ખુલ્લેઆમ દુરુપયોગના પ્રકરણો સભ્ય સમાજ અને કાયદાના શાસન પર કાળો ડાઘ સમાન છે.

કાયદો હાથમાં લઈને નાગરિકો સાથે અમાનવીય વર્તણૂક કરવી એ ખાખી વર્દીની ગરિમાનું ઘોર પતન દર્શાવે છે.

? રાજકીય ઓથ અને વહીવટી પ્યાદા તરીકેનો ઉપયોગ:
કાયદાના શાસન સામે ગંભીર ખતરો ?સત્તાના નશામાં કાયદાની મર્યાદાઓ ઓળંગતા આવા વિવાદાસ્પદ પોલીસ અધિકારીઓનું સતત સુરક્ષિત રહેવું એ શાસક પક્ષના આશીર્વાદ અને 'રાજકીય ઓથ' વિના શક્ય નથી.

બોટાદમાં મંદિર ટ્રસ્ટની ચૂંટણીઓ અને સત્તાના સમીકરણોમાં ખુલ્લેઆમ હસ્તક્ષેપ કરવાનો મામલો હોય કે સુરતમાં સત્તાધારી પક્ષના ઈશારે રાતોરાત બુલડોઝર ફેરવી વિપક્ષી કે નબળા વર્ગોને દબાવવાની કામગીરી—આ સમગ્ર ઘટનાક્રમ સ્પષ્ટ કરે છે કે સંબંધિત અધિકારીનો ઉપયોગ કાયદો-વ્યવસ્થા જાળવવા કરતાં સત્તાધીશોના રાજકીય એજન્ડા અને બદલાની નીતિ પાર પાડવા માટે એક 'વહીવટી હથિયાર' તરીકે વધુ થયો છે.

જ્યારે ખાખી વર્દીધારીઓ રાજકીય આકાઓને ખુશ કરવા માટે બંધારણ અને કોર્ટના નિર્દેશોને નેવે મૂકીને 'સ્ટ્રીટ જસ્ટિસ' કાયમ કરવા નીકળે છે, ત્યારે તેમને રાજકીય રક્ષણની ખાતરી હોય છે.

આ જ કારણ છે કે બોટાદ કોર્ટના ગંભીર આદેશો છતાં તેમના પ્રમોશન અને ક્રીમી પોસ્ટિંગ્સ અટક્યા નહીં. વહીવટી તંત્ર અને શાસક પક્ષની આ મિલીભગત લોકશાહી ઢાંચાને ખોખલો કરી રહી છે; જો પોલીસ અધિકારીઓ રાજકીય પ્યાદા બનીને કામ કરશે, તો પ્રજાનો ન્યાય અને વ્યવસ્થા પરથી વિશ્વાસ સંપૂર્ણપણે ઊઠી જશે.

? ?ગંભીર કાનૂની ઉલ્લંઘન અને ગેરરીતિઓ:
?બંધારણીય અધિકારોનો સરેઆમ છેદ:
ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૪ (સમાનતા) અને અનુચ્છેદ ૨૧ (જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતા) હેઠળ નાગરિકોને મળેલા મૂળભૂત અધિકારોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરી, અદાલતી ટ્રાયલ વિના ખુદ ન્યાયાધીશ બની બેસવાની વિકૃત માનસિકતા અસ્વીકાર્ય છે.

? ?સુપ્રીમ કોર્ટ અને હૂંના પરિપત્રોની ઐસીતેસી:
ડી.કે. બસુ વિરુદ્ધ પશ્ચિમ બંગાળ કેસમાં સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા તેમજ ગુજરાત ડીજીપીના સ્પષ્ટ આદેશો હોવા છતાં, આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢવું અને અમાનવીય રીતે ફટકારવા જેવી તાલિબાની પદ્ધતિ ન્યાયતંત્રની સત્તાને ખુલ્લો પડકાર છે.

? ?સતત વિવાદાસ્પદ ભૂતકાળ:
બોટાદમાં મંદિર પરિસરમાં ચૂંટાયેલા પ્રતિનિધિ સાથે ધક્કામુક્કી અને અપશબ્દો બોલવા, કસ્ટોડિયલ ટોર્ચર અને ખંડણીના આક્ષેપો હેઠળ કોર્ટ દ્વારા ક્રિમિનલ કેસ નોંધવાના હુકમોથી લઈને સુરતમાં બુલડોઝર કાર્યવાહી અને જાહેર માર્ગો પર ફટકારવા સુધીનો ઘટનાક્રમ સાબિત કરે છે કે આ કોઈ ભૂલ નથી પરંતુ સત્તાના નશામાં વિકસેલી ગંભીર ગુનાહિત પ્રવૃત્તિ છે.

? ?હાઈકોર્ટનું કડક વલણ:
ગુજરાત હાઈકોર્ટે સુઓમોટો સંજ્ઞાન લઈ સરકારના ઢીલા વલણ સામે ફિટકાર વરસાવવી પડી અને અધિકારીની તાત્કાલિક બદલી કરવાનો આદેશ આપવો પડ્યો, તે જ સાબિત કરે છે કે વહીવટી તંત્ર આવા કાયદાભંગ કરનારા અધિકારીઓને છાવરવામાં વ્યસ્ત હતું.

?? રાજદીપસિંહ નકુમને સેવામાંથી તાત્કાલિક સસ્પેન્ડ સાથે ખાતાકીય તપાસ કરવા ને બદલે માત્ર બદલી કે દેખાડા પૂરતી કારણદર્શક નોટિસ (શો કોઝ નોટિસ) આપી પ્રમોશન આપવુ તે સેવા શિસ્તના નિયમો વિરુદ્ધ છે

કાયદો હાથમાં લઈ ગેરકાયદેસર બળપ્રયોગ અને માનવ અધિકારોનું હનન કરવા બદલ સંબંધિત અધિકારી સામે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો હેઠળ સ્વતંત્ર ફ્રૈંઈ નોંધી જેલભેગા કરવાને બદલે પ્રમોશન આપી મનગમતું પોસ્ટીંગ આપવામા આવે છે તે સાબિત કરે છે કે સરકારના પ્યાદા તરીકે ફરજ બજાવે છે.

ખાખી વર્દી એ બંધારણીય મર્યાદાઓમાં રહીને પ્રજાના રક્ષણ માટે છે, ગુંડાગીરી કે અત્યાચાર આચરવાનું લાયસન્સ નથી. જો ગૃહ વિભાગ અને સરકાર દ્વારા આવા અધિકારી સામે દાખલારૂપ દંડાત્મક પગલાં લેવામાં નહીં આવે, તો લોકોને ભયના ઓથાર હેઠળ રહેવુ અનિવાર્ય થઈ જશે
અતુલ દવે - સામાજિક કાર્યકર

ગધેડા જેવો...! ગાળ નથી, ગૌરવ છે!સોળ કહેવતોનો એક ખલનાયકઃ ગધેડો!(સંત સુરા)

ગધેડા જેવો... આ શબ્દ બોલતા જ આપણી સામે એક નિર્દોષ, વજન ઉપાડતો, માર ખાતો પ્રાણી આવે. પણ શું તમે જાણો છો ગુજરાતી ભાષામાં એકલા ગધેડા પર ૧૬ કહેવતો છે? જેટલી કહેવતો કોઈ નેતા પર નથી, એટલી આ મૂંગા પ્રાણી પર છે.

આવો, એક એક કહેવતનો અર્થ અને આજના સંદર્ભમાં તેનો બોધ સમજીએ.

૧ થી ૩ - જ્ઞાનની કદર:

ગધેડાને ગુલાબ સુંઘાડવું, ગધેડા આગળ ભાગવત વાંચવું, અને ગધ? ત્રણેય કહેવતો કહે છે મૂર્ખને સારી વસ્તુની કદર નથી. પણ હું કહું છું, ગધેડો ડાહ્યો છે. તે ગુલાબ સુંઘે જ નહીં, કારણ તે ખાવાનું નથી. ભાગવત તેને સમજાય નહીં તો સાંભળે શું કામ? મૂર્ખ ગધેડો નથી, મૂર્ખ આપણે છીએ જે તેને ગુલાબ સુંઘાડવા જઈએ છીએ.

૪-૫ - અયોગ્યને પદ:

ગધેડાને અંબાડી ચઢાવવી અને ગધેડા ઉપર અમીરની મહોર. હાથી પર અંબાડી શોભે, ગધેડા પર નહીં. આજે સરકારી કચેરીઓમાં, રાજકારણમાં અનેક ગધેડાઓ અંબાડી ચઢાવીને ફરે છે. લાયકાત કંઈ નહીં, પણ ખુરશી મોટી.

૬-૭ - સ્વભાવ:

ગધેડો ગંગા નાહ્યે ઘોડો ન થાય અને ગધેડો તો ગધેડો, ચંદનનો ભારો ઉપાડે તોય ગધેડો જ. આપણે કહીએ છીએ મૂળ સ્વભાવ ન બદલાય. પણ ગધેડાનો સ્વભાવ શું ખરાબ છે? તે ચંદનનો ભારો પણ એટલી જ પ્રામાણિકતાથી ઉપાડે છે જેટલી છાણનો. બદલાતો તો માણસ છે.

૮ - લાચારી:

ધોબીનો ગધેડો, ન ઘરનો ન ઘાટનો. જે માણસ બે પક્ષને ખુશ રાખવા જાય, અંતે ક્યાંયનો રહેતો નથી. આજના તકવાદી નેતાઓ બરાબર ધોબીના ગધેડા જેવા.

૯ થી ૧૧ - અશક્ય અને સામાન્ય:

ગધેડાને તાવ ચઢે એવી વાત - અશક્ય વાત. ગધેડો ગાયું ન જાણે ઘાસ ખાય - પોતાના કામથી કામ. સો ઘોડા ને એક ગધેડો - સો સારામાં એક ખરાબ. ગામના ગધેડાને કોણ પૂછે - સામાન્ય માણસની કોઈ કિંમત નહીં. આ કહેવતો સમાજની માનસિકતા બતાવે છે.

૧૨-૧૩ - મહેનત:

ગધેડા જેવો ભાર ઉપાડવો અને ગધેડાની જેમ વૈતરું કરવું. આ બે જ કહેવતો ૧૦૦% સાચી છે. ગધેડો ખરેખર ૧૪૦ કિલો વજન ઉપાડે છે, ૨૦ કિમી ચાલે છે, રણમાં ૩ દિવસ પાણી વિના જીવે છે.

૧૪ થી ૧૬ - અન્યાય:

ગધેડો ખાય દૂબળું માર ખાય કુમ્હાર - કરે કોઈ ભોગવે કોઈ. ગધેડાની પૂંછડી પકડે કૂતરું મરે - મૂર્ખની સોબતમાં નુકસાન. ગધેડો જલેબી ખાય તો તેને ખબર શું પડે - સ્વાદની પરખ નહીં. ગ

આ ૧૬ કહેવતોમાંથી ૧૪ ગધેડાને ગાળ તરીકે વાપરે છે, પણ હકીકતમાં ગધેડો ઈંજ ક્રૂજૈહેજ - ૬૦૦૦ વર્ષથી માણસનો સાથી, કચ્છના ઘુડખર તરીકે આપણી શાન, સાણંદના મેળામાં લાખ રૂપિયાનો, ઘોડા કરતા વધુ હોશિયાર, ૨૫ વર્ષ સુધી માલિકને ન ભૂલનારો.

અંતે એક જ વાત - જે સૌથી વધુ કામ કરે તેને ગાળ, જે લૂંટે તેને સાહેબ. આ ન્યાય નથી. ગધેડા જેવો થવું એ ગાળ નથી, ગૌરવ છે. લેખકઃસુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

અમદાવાદઃ બોડકદેવ-સેટેલાઈટની સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, કેમ્પસ ખાલી કરાવાયા



અમદાવાદમાં સેટેલાઈટ અને બોડકદેવ વિસ્તારની ૩ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ખળભળાટ મચી ગયો છે. વિદ્યાભારતી, સી.એન. વિદ્યાલય અને નારાયણ ગુરુ સ્કૂલના ઈમેઈલ આઈડી પર અજાણ્યા શખ્સે આ ધમકી મોકલી હતી. જાણ થતા જ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી, શાળાઓમાં સઘન તપાસ શરૂ કરી છે. સુરક્ષા એજન્સીઓ પણ ઘટનાસ્થળે પહોંચી તપાસમાં જોડાઈ છેઅમદાવાદઃ બોડકદેવ-સેટેલાઈટની સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, કેમ્પસ ખાલી કરાવાયાઅમદાવાદ શહેરના સેટેલાઈટ અને બોડકદેવ વિસ્તારમાં આવેલી શાળાઓને બોમ્બ બ્લાસ્ટથી ઉડાવી દેવાના ધમકીભર્યા ઈમેઈલ મળ્યો છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ હતીમળતી માહિતી અનુસાર, સેટેલાઈટ વિસ્તારમાં આવેલી નારાયણ ગુરુ સ્કૂલ, ચાંદખેડાની પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, વિદ્યા ભારતી સ્કૂલ અને સી.એન. વિદ્યાલયને ઈમેઈલ પર અજાણ્યા ઈસમ દ્વારા બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી આપતો ઈમેઈલ મોકલવામાં આવ્યો હતો. આ ઈમેઈલ ધ્યાન પર આવતાં જ શાળા સંચાલકોએ તુરંત જ પોલીસને જાણ કરી હતીધમકીભર્યા ઈમેઈલ મળ્યાની સાથે જ શાળા પ્રશાસન દ્વારા તકેદારીના પગલારૂપે તમામ બાળકોની સુરક્ષાને ધ્યાને રાખીને સ્કૂલ બિલ્ડિંગને તાત્કાલિક અસરથી ખાલી કરાવવામાં આવ્યું હતું. આ સાથે જ વિદ્યાર્થીઓની વહેલી રજા આપી દેવામાં આવી હતી અને વાલીઓને તાકીદે મેસેજ તથા ફોન કરીને બાળકોને સુરક્ષિત ઘરે લઈ જવા માટે સ્કૂલે બોલાવવામાં આવ્યા હતા. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક પોલીસ કાફલો, સેક્ટર અધિકારીઓ, બોમ્બ ડીટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (મ્ઢઢજી) તેમજ ડોગ સ્કવોડની ટીમ શાળાઓના પરિસરમાં પહોંચી ગઈ હતી. સુરક્ષા એજન્સીઓ દ્વારા સમગ્ર સ્કૂલ બિલ્ડિંગ, વર્ગખંડો, પ્લેગ્રાઉન્ડ અને પાર્કિંગ એરિયાને કોર્ડન કરીને સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.દેવામાં આવી છેઉલ્લેખનીય છે કે, ૨૧મી નવેમ્બરે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજનારા પંજાબી સિંગર દિલજીતના કોન્સર્ટને લઈ પણ ધમકી આપવામાં આવી છે. ખાલિસ્તાન નેશનલ આર્મીના નામે ઈમેલ કરવામાં આવ્યો છે.

એન્થ્રોપિકના એઆઈ મોડેલે સરકારી વેબસાઈટમાં ઘૂસી ગેરકાયદે રીતે ડેટા તફડાવ્યો

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (છેં) મોડેલ ક્લોડે જ્યોર્જિયા રાજ્યનો ચૂંટણી ડેટા ફી ચૂકવ્યા વિના મેળવી લીધો છે. એન્થ્રોપિક કંપનીના આ છેં મોડેલે પેવોલ બાયપાસ કરીને આ માહિતી મેળવી હતી. અગાઉ ક્લોડના એક મોડેલે ફિલાડેલ્ફિયા પોલીસને ખૂન કેસમાં ખોટી બાતમી પણ આપી હતી, જેનાથી છેં સિસ્ટમ્સની સુરક્ષા અને સ્વાયત્તતા પર ચિંતા વ્યક્ત થઈ છે.ક્લોડના બીજા મોડેલે અગાઉ પોલીસને ખોટી બાતમી આપી હતી જ્યોર્જિયા રાજ્યનો ચૂંટણી ડેટા ફી ચૂકવ્યા વગર મેળવી લીધોનવી દિલ્હી : એઆઈ મોડેલ્સ હવે વધુ સક્ષમ બની રહ્યા છે અને પરવાનગી વગર નહીં કરવા જેવા કામ કરી નાખે છે. યુનાઈટેડ સ્ટેટસના જ્યોર્જિયાના મતદારોનો ડેટા ક્લોડ એઆઈએ મેળવી લીધો છે. આ ડેટા મેળવવા ક્લોડ પાસે કોઈ ઓથોરાઈઝેશન નહોતું તેવું કંપની એન્થ્રોપિક કહે છે. આ ડેટા નાણા ખર્ચ્યા વગર મળતો નથી, પણ ક્લોડ એઆઈએ તો પેવોલ બાયપાસ કરીને ડેટા મેળવી લીધો હતો. આવું કૃત્ય ક્લોડના કયા મોડેલે કર્યું અને ક્યારે કર્યું તેની એન્થ્રોપિકે જાણકરીનથી.સ્ટેટિસ્ટિક્સના એક પ્રોજેક્ટ માટે ક્લોડનો ઉપયોગ કરાઈ રહ્યો હતો. આ 'ટ્રેઈનિંગ રન' દરમિયાન એઆઈને જાણ થઈ હતી કે પબ્લિક ડેશ બોર્ડનો ઉપયોગ કરવા વિઝિટર્સને એક્સેસ ટોકન આપવામાં આવે છે.જે માહિતી ફી ચૂકવ્યા પછી જ મળે તે માહિતી માટે મોડેલે ડેશ બોર્ડ પાસેથી એક્સેસ ટોકનની વિનંતી કરી હતી અને વોટર્સ ડેટા (મતદાતાઓની વિગતો)મેળવીલીધોહતો.એન્થ્રોપિકના એક પ્રવક્તાએ કહ્યું કે 'આવા કૃત્યો ફરી વાર નહીં થઈ શકે તે માટે અમે પગલાં ભર્યા છે.ક્લોડે વ્યક્તિગત મતદારોની વિગત મેળવી નથી અથવા વોટર્સ ડેટામાં ફેરફારો કર્યા નથી તેવી સ્પષ્ટતા એન્થ્રોપિકે કરી હતી.આ બનાવ બન્યો હતો તે પછી એન્થ્રોપિકે જ્યોર્જિયા સેક્રેટરી ઓફ સ્ટેટ અને વ્હાઈટ હાઉસને જાણ કરી હતી, આ ઘટના જૂની છે, પણ હવે જાહેર થઈ છે. જ્યોર્જિયા ડેપ્યુટી સેક્રેટરી ઓફ સ્ટેટ જોર્ડન કૂક્સે કહ્યું હતું કે એઆઈએ પ્રોટેક્ટેડ (રક્ષિત) વોટર્સ ફાઈલ્સ મેળવી નહોતી, પણ જાહેરમાં ઉપલબ્ધ (ફી ભર્યા પછી) વોટર્સ ડેટા જ મેળવ્યો હતો. અહીં મહત્ત્વનું એ છે કે પેવોલ બાયપાસ કરી ડેટા મેળવવામાં આવ્યો હતો. ટોકન અથવા પેમેન્ટની આવશ્યક્તાથી રક્ષિત માહિતીને ક્લોડ વગર પેમેન્ટ મેળવી શકે છે તેવું એન્થ્રોપિકે આ મહિનાની શરૂઆતમાં જણાવ્યું હતું. ફેડરલ, રાજ્યની અને સ્થાનિક સરકારી સંસ્થાઓની વેબસાઈટ્સ પરની પેવોલ્સને બાયપાસ કરી શકાય છે તેવું કંપનીએ જણાવ્યું હતું.



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOGSS NO : 161
વિષય : પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન
શીર્ષક : પ્રગતિ કે અધોગતિ?
પ્રકાર : લેખ શબ્દો : ૨૮૭

" આંખોમાં બેઠેલા ચાતક કહે છે મારું ચોમાસું ક્યાંક આસપાસ છે".. વરસાદમાં ભીના થવું કે ભીંજાવું? ભીના થયા પછી પણ? મનથી કોરા કટ કોઈ રહી શકે? મેઘ અને ધરતીનો તો પ્રેમનો સંબંધ છે! મેઘ ગાજે, ગગનમાં દામિની ચમકે, મોર, બપૈયા, દાદુર બોલે ને ધરતી જાણેકે હિલોળા લે. ધરતી બાથ ભરીને વરસાદને આવકાર આપતી હોય એવી ઉમંગથી નાચે.
ગરમીથી તપ્ત અને ત્રસ્ત ધરતી જ્યારે ગગનમાં ચાલતી મેઘની લીલા જુએ ત્યારે ઠંડા પવનથી વરસાદી માહોલનું સ્વાગત કરે. ડુંગર હોય કે નદી, સાગર હોય કે સરોવર ..ધરા પર વરસાદની શરૂઆત થાય અને ચારે કોર હરિયાળી છવાય. પશુ, પંખી હોય કે આપણે માણસજાત, આવો જાજરમાન લ્હાવો નિહાળવાનું કોને ના ગમે! ચોમેર ખીલેલી વસુંધરા દેદીપ્યમાન લાગે. એમાં પણ વાદળમાંથી પડતો ઝરમરિયો વરસાદનો અનુભવ અંતરમનમાં એક અદ્વિતીય આનંદનો ઉભરો લાવી દે છે.
પરંતુ આ તો કુદરત છે. ક્યારે રીઝે અને ક્યારે કોપાયમાન થાય કંઈ કહેવાય નહીં. કુદરતે પોતે જ ઊભું કરેલું સુંદર વાતાવરણ ઘડી ના છઠ્ઠા ભાગમાં નષ્ટ કરી નાખે. તે માટેના ઘણા કારણો હશે પણ ટેક્નોલૉજીની અતિશયોક્તિ કુદરતને કોપાયમાન બનાવી છે એ પણ સમજવા જેવી વાત છે. ચારે કોર વરસાદ માઝા મૂકી દે. નદીમાં આવતા પૂર સમગ્ર શહેરને નષ્ટ કરી નાખે. લોકોમાં દેખાતો વરસાદ માણવાનો આનંદ પળભરમાં શોકમાં ડૂબી જાય. આજકાલ માણસ કુદરતની સામે ખીલવાડ કરે છે.

માનવી ટેક્નોલૉજીનો ભરપુર ઉપયોગ કરીને કુદરતની સુંદરતાને નષ્ટ કરી દે છે. પ્રગતિ જરૂરી છે પરંતુ પ્રકૃતિને છીનવીને નહીં. મકાનો બાંધવા માટે સુંદર ઉગેલા વૃક્ષોનું છેદન કરી નાંખે છે. એકબાજુ વૃક્ષારોપણના મોટા મોટા કાર્યક્રમો યોજવામાં આવે છે અને બીજી બાજુ વૃક્ષોનું છેદન થતું રહે છે. પ્રકૃતિ આપણી માતા કહેવાઈ છે. માણસ? થાકીહારીને છેલ્લે તો માતાનો ખોળો જ શોધે છે પરંતુ એ ખોળાને આપણે જ છીનવી લીધો! પ્રગતિની આડમાં પ્રકૃતિનું સૌંદર્ય અધોગતિ પામે છે. આપણે હવે કુદરતના ખોળે રમતાં શીખીએ!

ગ્રીષ્મા પંડ્યા (અમદાવાદ)

★★★★★★★
NOGSS:226
વિષયઃ-પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતનઃ
શીર્ષકઃ-પ્રગતિની આડમાં પ્રકૃતિનું અધઃપતન
રચનાઃ- ગદ્ય શબ્દોઃ-૩૪૪

આપણે ખૂબ પ્રગતિ કરી છે. એટલી પ્રગતિ કે હવે ઝાડ જોવા માટે બાળકને બોટનિકલ ગાર્ડનમાં લઈ જવું પડે છે અને ચકલીનો અવાજ સાંભળવા માટે મોબાઈલમાં રિંગટોન વગાડવી પડે છે.

પહેલા માણસ ઝાડ નીચે બેસીને શાંતિ શોધતો, હવે ઝાડ કાપીને ત્યાં માળખાકીય સુવિધાઓના નામે મોલ અને ટાવર બનાવીને એસીની હવામાં શાંતિ વેચે છે. આને અમે વિકાસ કહીએ છીએ. ખરેખર તો આ વિકાસ નથી, આ પ્રકૃતિના નામે થતો સૌથી મોટો દગો છે.

અમે નદીઓને પહેલા માતા કહેતા, હવે ગટર બનાવી દીધી છે. માતાના ખોળામાં ફેક્ટરીનું ઝેર રેડીએ છીએ, પ્લાસ્ટિક ઠાલવીએ છીએ અને પછી એ જ કિનારે હાથ જોડીને આરતી કરીએ છીએ. કેવી અદ્ભુત ભક્તિ છે, પ્રદૂષણ કરવાની છૂટ અમને જોઈએ અને પ્રાર્થના પણ અમારી જ સાંભળવી જોઈએ.

માળખાકીય સુવિધાઓનો અર્થ આજે માત્ર સિમેન્ટ, ડામર અને કોંક્રિટ થઈ ગયો છે. ચાર લેનના હાઈવે માટે હજારો વૃક્ષો કપાય, બુલેટ ટ્રેન માટે ફળદ્રુપ ખેતરો ખતમ થાય, સ્માર્ટ સિટી માટે તળાવો પુરાય, એરપોર્ટ માટે ડુંગરો તોડાય. અમે ગર્વથી કહીએ છીએ કે હજાર નવી કાર આવી, પણ કોઈ એ નથી કહેતું કે હજાર ઝાડ ઓછા થયા, હજાર પક્ષીઓ બેઘર થયા. અમે સિમેન્ટના જંગલને પ્રગતિ કહીએ છીએ અને લીલા જંગલને વિકાસમાં નડતર કહીએ છીએ. જંગલ કપાય તો અમને જીડીપી દેખાય છે, પણ જંગલ સાથે આદિવાસીનું ઘર અને વાઘનું અસ્તિત્વ પણ કપાય છે એ દેખાતું નથી.

સૌથી મોટો કટાક્ષ તો એ છે કે અમે પ્રકૃતિને બરબાદ કરીને જ પ્રકૃતિને બચાવવાના સેમિનાર કરીએ છીએ. પાંચ સ્ટાર હોટેલના વાતાનુકૂલિત હોલમાં બેસીને વૈશ્વિક ચેતવણી પર ચર્ચા કરીએ છીએ, પ્લાસ્ટિકની બોટલમાં પાણી પીતા પીતા પ્લાસ્ટિક પ્રતિબંધ પર ભાષણ આપીએ છીએ. હવામાં ધુમાડો વધે એટલે અમે વાયુ શુદ્ધિકરણ યંત્ર વેચીએ છીએ, પાણી બગડે એટલે તેનું યંત્ર વેચીએ છીએ, એને પણ પ્રગતિ ગણીએ છીએ. પહેલા તડકો મફત હતો, હવે વિટામિન ડીની ગોળી વેચાય છે.

અમે ભૂલી ગયા છીએ કે સાચી માળખાકીય સુવિધા એ છે જ્યાં માણસ અને પ્રકૃતિ સાથે જીવી શકે. રસ્તા જોઈએ, પણ શ્વાસ પણ જોઈએ. ટાવર જોઈએ, પણ વરસાદ પણ જોઈએ. જો આ જ પ્રગતિ ચાલુ રહી તો ભવિષ્યમાં બાળકો પુસ્તકમાં વાંચશે કે એક સમયે અહીં વાદળો વરસતા, નદીઓ વહેતી અને માણસ ખુલ્લી હવામાં મુક્ત શ્વાસ લઈ શકતો.

અંતે ભ્રષ્ટાચારની નવી ગંગોત્રીની શરૂઆત.

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ' (અમેરિકા)શ્ર?
★★★★★★
NOG SS NO : 421
વિષય : પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન
શીર્ષક : પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૨૮૦

આજે માનવી વિકાસની એવી આંધળી અને બેફામ દોડમાં દોડી રહ્યો છે, જ્યાં તેની પાછળ છૂટી ગયેલી પ્રકૃતિ લોહીના આંસુએ આક્રંદ કરી રહી છે. આપણે ઊંચી ગગનચુંબી ઈમારતો, અત્યાધુનિક ટેકનોલોજી, વૈશ્વિક ઉદ્યોગો અને ભૌતિક સુખ-સુવિધાઓના અંબારને જ સાચી પ્રગતિ માની બેઠા છીએ. પરંતુ કડવું સત્ય એ છે કે, જે કુદરતે આપણને આ પૃથ્વી પર જીવન આપ્યું, શુદ્ધ શ્વાસ આપ્યા અને આપણું પાલન-પોષણ કર્યું, તે જ પ્રકૃતિનું આપણે આપણી જ લાલચના હાથે ગળું ઘોંટી રહ્યા છીએ. માનવ અહંકારના આ અંધાપામાં આપણે એ ભૂલી ગયા છીએ કે કુદરત વિના આપણું અસ્તિત્વ શૂન્ય છે.

વર્ષો જૂના લીલાછમ અને ઘટાદાર વૃક્ષોનું સ્થાન આજે કાળી ડામરની પહોળી સડકોએ અને સિમેન્ટ-કોંક્રિટના નિર્જીવ જંગલોએ લઈ લીધું છે. પવિત્ર અને અવિરત વહેતી નદીઓ આજે ઔદ્યોગિક કચરાના કારણે પ્રદૂષિત અને ઝેરી થઈ ગઈ છે. સવારના પ્રભાતે ગુંજતો પક્ષીઓનો મધુર અને મનમોહક કલરવ ફેક્ટરીઓ અને વાહનોના કાન ફાડી નાખતા ઘોંઘાટમાં ક્યાંક કાયમ માટે ખોવાઈ ગયો છે. શુદ્ધ પવનની જગ્યાએ આજે ઝેરી ધુમાડો વાયુમંડળમાં ભળી રહ્યો છે. ગ્લોબલ વૉર્મિંગ અને ઋતુચક્રનું ખોરવાઈ જવું એ કુદરતની માનવજાતને છેલ્લી ચેતવણી છે.

આ તે કેવો અદભુત પણ ભયાનક વિકાસ, જે આપણી આવનારી નિર્દોષ પેઢી પાસેથી જીવવા માટેની શુદ્ધ હવા અને પીવાનું અમૃત જેવું પાણી પણ છીનવી લેશે? પ્રકૃતિ સાથેની આ ક્રૂર છેડાછેડી આપણને ગંભીર વિનાશ અને મહામારીઓ તરફ દોરી જઈ રહી છે. જો આપણે આપણી ભૌતિકવાદી માનસિકતા બદલીને અત્યારે જ નહીં જાગીએ, તો પ્રગતિના આ મિથ્યા ગર્વ અને વૈજ્ઞાનિક અહંકારની વચ્ચે સમગ્ર માનવ સંસ્કૃતિનું અસ્તિત્વ જ પૃથ્વી પરથી નાશ પામશે.

હવે સમય પાકી ગયો છે કે આપણે માત્ર કાગળ પર નહીં, પણ વાસ્તવિક જીવનમાં વિકાસની સાથે-સાથે પ્રકૃતિના સંવર્ધન, સંરક્ષણ અને પુનઃઉત્થાનનો દ્રઢ સંકલ્પ કરીએ. પ્રકૃતિ બચશે, તો જ આ સૃષ્ટિ બચશે અને તો જ આપણી પ્રગતિ ખરા અર્થમાં સાર્થક ગણાશે.

– સલિલ મહેતા 'જલન' (બ્રાઝિલ)
★★★★★★★
NOGSS NO :158
વિષયઃ પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન
શીર્ષકઃ પ્રકૃતિનું જતન
પ્રકાર:પદ્ય શબ્દોઃ૯૬

વર્તમાન સમયમાં મનુષ્ય કરી રહ્યો છે પ્રગતિ,
પ્રગતિની આડમાં પ્રકૃતિ સૌંદર્ય પામે અધોગતિ!

મકાનો બાંધવા સુંદર વૃક્ષોનું થાય છે છેદન,
પ્રગતિની આડમાં પ્રકૃતિનું થાય છે પતન!

કુદરતનો અનમોલ ખજાનો પ્રકૃતિ એ જ જીવન,
ઉદ્યોગો ટેકનોલોજીથી વધારી રહ્યા છીએ પ્રદૂષણ!

વૃક્ષો ઘણા
આભાર - નિહારીકા રવિયા ઉપયોગી બને વટે માર્ગુઓનો વિશ્રામ,
પ્રકૃતિને રાખીશું સ્વચ્છ બનશે પવિત્ર ધામ!

પ્રકૃતિ થકી પ્રગતિ એ યાદ રહે એ સંકલ્પ,
પ્રકૃતિને ખેલવીએ બને બધાંનો વિકલ્પ!

'પ્રેમ' પ્રકૃતિનું માન વધારીએ કરીએ જતન,
પ્રગતિની આડમાં ન કરીએ પ્રકૃતિનું પતન!

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' આદરીયાણા
★★★★★★★
NOG SS NO 166
વિષય :-પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન
શીર્ષક :- પ્રકૃતિનું પતને
પ્રકાર :- પદ્ય શબ્દોઃ- ૭૭

પ્રગતિના નામે ધરતીનું શોષણ થઈ રહ્યું,
માનવીના હાથે કુદરતનું દોહન થઈ રહ્યું.

વૃક્ષો કપાય છે ને ઉભા થાય છે મહેલો,
છાંયડીને બદલે તડકાનું શાસન થઈ રહ્યું.
નદીઓના નીરમાં દેખાય છે ઝેરની છાયા,
જીવનનું વહેતું ઝરણું હવે રુદન થઈ રહ્યું.

પંખીના કલશોરને કારખાનાં ગળી ગયાં,
આકાશનું આંગણું જાણે કફન થઈ રહ્યું.

શ્વાસોમાં ધુમાડો ને ધરતી પર વધી ગરમી,
ઋતુઓના સ્વભાવમાં પરિવર્તન થઈ રહ્યું.

"મુરલી" આ તે વિકાસ કે, લાગે છે વિનાશ,
માનવ સમૃદ્ધ થયો, પ્રકૃતિનું પતન થઈ રહ્યું.

રચનાઃ-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જૂનાગઢ)
★★★★★★★
NOG SS No.167
વિષયઃ-"પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન"
શિર્ષક;"માનવનું દંભી સ્વરૂપ"
★પ્રકારઃ- ગદ્ય
શબ્દઃ-૩૪૯

પ્રકૃતિ એ માનવ જગત માટે એક ઈશ્વરી ભેટ છે. સમગ્ર બ્રહ્માંડની એજ તો ખરી ઈશ્વરી તાકાત કે ઈશ્વરી સત્તા છે જે સંપૂર્ણ વિશ્વ અને બ્રહ્માંડમાં વિસ્તરેલ છે સ્થિત છે જે અનુભવી શકાય, માણી શકાય છે.

માનવે પથ્થર યુગથી શરૂ કરીને આધુનિક યુગ સુધી પ્રગતિ કરી.દરેક ક્ષેત્રમાં વિકસિત થતો ગયો એમ એમ તેને સંસાધનોની અને જગ્યાની જરૂર ઉભી થતી ગઈ સાથે સાથે માનવ સભ્યતા અને વસ્તી વધતી ગઈ.પ્રકૃતિએ આપેલ અખૂટ ખજાનાનો ઉપયોગ તો કર્યો પણ જરૂર પડે પ્રગતિની આડમાં પ્રકૃતિ સાથે ખીલવાડ પણ કરતો ગયો.પ્રકૃતિએ જે વિના મૂલ્યે આપ્યું હતું તેનો નાશ કરતો ગયો.

આટલું કુદરત કે પ્રકૃતિનું મહત્વ માનવ જીવનમાં હોવા છતાં તેનો ગેર ઉપયોગ, દુરુપયોગ કે કુદરતે ઘડેલ ધારા ધોરણથી વિરુદ્ધ કાર્ય પ્રગતિના કે વિકાસના નામે કરતા હોઈએ છીએ એવું ઘણી વખત બનતું હોય છે. બીજી મહત્વની વાત એ છે કે કુદરત આપણને જે આપે છે તેની સામે આપણે કંઈજ આપતા નથી કે કુદરત ક્યારેય આપણી પાસે માંગતી નથી. એટલેજ કદાચ કુદરતે આપેલ ભેટનું મહત્વ આપણે હોવું જોઈએ એ કરતા ઘણું ઘણું ઓછું આંકતા હોઈએ છીએ.

પ્રકૃતિએ ચેતવણી આપી હશે જેને આપણે સદંતર પણે અવગણી હશે.જેના પરિણામ સ્વરૂપે ઘણી વખત કોઈ ઘટના ઘટે જેવી કે ધરતીકંપ, પુર, અતિવૃષ્ટિ, જંગલમાં આગ અને હવાના વિનાશક વા-વંટોળ, વાવાઝોડા વગરે. આવી ઘટના ઘટે ત્યારે તેને આપણે કુદરતી આફતમાં ગણાવી દઈએ છીએ છે.

બીજી રીતે વિચારીએ તો દરેક કુદરતી આફતથી કુદરતને જે નુકશાન થવું જોઈએ એ નથી થતું ફકત સ્થિતિ કે પરિસ્થિતિ બદલાય છે.અતિવૃષ્ટિથી જળતત્વને, ધરતીકંપથી પૃથ્વીતત્વને, આગથી અગ્નિતત્વને, વાવાઝોડાથી વાયુતત્વને કે પરિણામ સ્વરૂપે આકાશતત્વને કંઈજ નુકશાન થતું નથી તો આખરે આ નુકશાન થયું કોને? તો જવાબમાં એ નુકશાન આખરે માનવ જાતને થાય છે. પણ વિકાસ કે પ્રગતિના ઓથા હેઠળ માનવ આ માનવા તૈયાર નથી.

આપણે વિકાસ કે પ્રગતિ માટે વૃક્ષો કાપીએ ત્યારે એવું કહીએ કે વૃક્ષો કાપીએ છીએ તેની સામે અનેક વૃક્ષો વાવીએ છીએ. અહીંયા એક વાત ભૂલી જઈએ છીએ કે કપાયેલ વૃક્ષ અનેક વરસો જૂનું હોય છે અને વાવેલ વૃક્ષને એ સ્થિતિ પહોંચવા માટે જે સમય લાગશે તે પ્રકૃતિ આપણને આપશે, નહીં આપે. પ્રકૃતિ તો આપણે કરેલ નુકશાન સામે તેની નીતિ નિયમ પ્રમાણે જ ચાલશે.
નરેન્દ્ર ત્રિવેદી(ભાવનગર)

જીવનમાં કોઈ રસ્તો ક્યારેય સંપૂર્ણ બંધ નથી હોતો. બંધ હોય છે તો માત્ર આપણો પ્રયત્ન

શરદપૂનમ ઉત્સાહ ઉમંગભેર ઉજવણી કરી નવલાં નવ નોરતાંને શરદ પૂનમનો થનગનાટ જ કંઈ અલગ હોય છે આ શક્તિના પર્વમાં થાક ઘૂંટણ કેડના બધા દુઃખાવા ગાયબ થઈ જાય છે બસ માડી તારા મંદિર... આજે જોઈએ તો

જીવનમાં સમસ્યા ક્યારેય એટલી મોટી નથી હોતી,જેટલી આપણી નજર તેને બનાવી દે છે.આપણે મોટા ભાગે સમસ્યાને જોયા કરીએ છીએ,રસ્તાને નહીં.ફરિયાદો કર્યા કરીએ છીએ,શરૂઆત કરતા નથી.

એક ગામની બહાર ખેતરોમાંથી મુખ્ય રસ્તા સુધી જતો એક જૂનો રસ્તો હતો. વર્ષોથી ગામ આખું એ જ રસ્તે અવરજવર કરતું હતું. ચોમાસા પછી રસ્તાની બરાબર વચ્ચે માટીનો મોટો ઢગલો જામી ગયો.રસ્તો એટલો સાંકડો થઈ ગયો કે સાયકલ કે બળદગાડું પણ ન નીકળી શકે.

ત્યાંથી નીકળતો દરેક માણસ ઊભો રહીને બોલતો, ×આ રસ્તો બંધ થઈ ગયો છે,કોઈ સાફ કરી નાખે તો સારું. ×અને પછી બીજા રસ્તે વળી જતો. વાતો બહુ થતી,કામ કોઈ કરતું નહીં. મહિનાઓ સુધી ઢગલો ત્યાં જ રહ્યો.માટીનો નહીં,માણસ ની ટેવનો ઢગલો હતો એ.

તે જ ગામમાં અરુણ નામનો યુવાન રહેતો. રોજ સવારે એ જ રસ્તેથી ખેતરે જાય. એક દિવસ તેણે એક વૃદ્ધ ખેડૂતને સાયકલ સાથે ઢગલા પાસે લાચાર ઊભેલા જોયા.

×કાકા, શું થયું?× અરુણે પૂછ્યું.

×બેટા, હવે સાયકલ આગળ નહીં જાય. બીજો રસ્તો લેવો પડશે.× વૃદ્ધ બોલ્યા.

અરુણે ધ્યાનથી જોયું.બધા ઢગલા ને જોતા હતા,તેણે ઢગલાની બાજુ ની ખાલી જગ્યા જોઈ. તે બોલ્યો, ×કાકા, આખો ઢગલો આજે નહીં હટે તો કાંઈ નહીં,પણ એક બાજુથી થોડી જગ્યા સાફ કરી દઈએ તો સાયકલ તો નીકળી જશે ને?×

બંનેએ હાથથી જ માટી ખસેડવા માંડી.દસ મિનિટમાં સાયકલ જેટલી જગ્યા થઈ ગઈ.વૃદ્ધની સાયકલ નીકળી ગઈ.

બીજા દિવસે અરુણ પાવડો લઈને આવ્યો. થોડી વધુ જગ્યા સાફ કરી. બે-ત્રણ યુવાનો જોવા ઊભા હતા, તે પણ જોડાયા.સાંજ સુધીમાં રસ્તો આખો ખુલ્લો થઈ ગયો.

સાંજે ગામના વડીલ આવ્યા. સાફ રસ્તો જોઈ અરુણને કહ્યું, ×બેટા, આજે તેં રસ્તો નથી સાફ કર્યો, અમારી આંખ સાફ કરી છે. મહિનાઓથી અમે ઢગલાને જોતા હતા અને વિચારતા હતા કે રસ્તો બંધ છે.તે એ જ ઢગલામાં ખુલ્લી જગ્યા જોઈ.હવે સમજાયું - જો અવરોધ પર જ ધ્યાન રાખીએ તો રસ્તો બંધ લાગે, જો ઉકેલ પર ધ્યાન રાખીએ તો અવરોધની વચ્ચે થી પણ રસ્તો નીકળે.×

માટીનો ઢગલો તો તે દિવસે હટી ગયો,પણ ગામના મનમાં એક બીજ રોપાઈ ગયું-×આ કામ થઈ શકે તેમ નથી× ને બદલે ×આમાં શું થઈ શકે તેમ છે?× એમ પૂછતા શીખો.

આ નાનકડી વાતમાં જીવનના પાંચ મોટા પાઠ છે.

ગામમાં સો લોકો રસ્તેથી નીકળતા હતા.સો એ ફરિયાદ કરી કે રસ્તો ખરાબ છે. પણ એકે પણ પાવડો ઉપાડ્યો નહીં. આપણા જીવનમાં પણ એવું જ છે. ઓફિસમાં બધા કહે છે સિસ્ટમ ખરાબ છે, ઘરમાં બધા કહે છે સંબંધો બગડ્યા છે, સમાજમાં બધા કહે છે યુવાનો બગડ્યા છે. પણ કોણ શરૂઆત કરે છે?અરુણની જેમ.પરીક્ષામાંનાપાસ થયેલા વિદ્યાર્થીને જુઓ.તે કહેશે- પેપર અઘરું હતું,સાહેબે ભણાવ્યું નહીં. પણ ક્યારેય એવું નહીં કહે કે મેં રોજ એક કલાક પણ નથી વાંચ્યું.ફરિયાદ કરવી સહેલી છે, જવાબદારી લેવી અઘરી છે.જગત માં ફરિયાદ કરનારા હજારો મળશે શરૂઆત કરનારો એક જ પરિવર્તન લાવશે.તમારે ફરિયાદી ટોળામાં રહેવું છેકે અરુણ બનવું છે,એ તમારે નક્કી કરવાનું છે.આ વાર્તાનો સૌથી મોટો મંત્ર આ છે. અરુણે પહેલા દિવસે આખો ઢગલો હટાવવાનો પ્રયત્ન ન કર્યો.તેણે માત્ર સાયકલ જેટલી જગ્યા કરી. આપણે જીવનમાં એ જ ભૂલ કરીએ છીએ. આપણને લાગે છે કે એક જ દિવસમાં બધું બદલી નાખવું છે. કાલથી સવારે પાંચ વાગે ઉઠવું છે, કસરત કરવી છે,ધંધો વધારવો છે, ગુસ્સો છોડવો છે. આખો ઢગલો એક સાથે ઉપાડવા જઈએ એટલે કમર તૂટી જાય અને ઢગલો ત્યાંનો ત્યાં રહે.જીવનમાં મોટા પરિવર્તનનો નિયમ છે-નાનું શરૂ કરો. દેવું બહુ છે? આખું એક સાથે નહીં ભરાય, આજે એક હપ્તો ભરો. સંબંધ બગડ્યો છે? આખી રાત બેસીને સમાધાન નહીં થાય, આજે એક ફોન કરીને ×સોરી× બોલો. શરીર બગડ્યું છે? મેરેથોન કાલે નહીં દોડાય, આજે દસ મિનિટ ચાલો. સાયકલ જેટલી જગ્યા એટલે જ તો પહેલી જીત છે. પહેલી જીત મળે એટલે બીજા લોકો પણ જોડાય,જેમ ગામના યુવાનો જોડાયા.

એક જ ઢગલો.સો લોકોએ જોયો તો બંધ રસ્તો દેખાયો,અરુણે જોયો તો ખુલવાની શક્યતા દેખાઈ.સમસ્યા એક જ હતી, દ્રષ્ટિકોણ બે હતા.

એક જ વરસાદ ખેડૂત માટે આશીર્વાદ છે અને શહેરના માણસ માટે ટ્રાફિકની તકલીફ છે.એક જ નિષ્ફળતા એક માણસને તોડી નાખે છે અને બીજા માણસને ઘડી નાખે છે. ફરક ઘટનામાં નથી, ફરક જોવાની રીતમાં છે.આપણે જ્યારે કહીએ છીએ ×આ મારાથી નહીં થાય×,ત્યારે ખરેખર દુનિયાએ ના નથી પાડી હોતી, આપણી નજરે ના પાડી હોય છે. વડીલે બહુ સાચું કહ્યું-જો અવરોધ પર ધ્યાન કેન્દ્રિત કરશો તો રસ્તો બંધ લાગશે, ઉકેલ પર ધ્યાન આપશો તો અવરોધની વચ્ચેથી પણ રસ્તો મળશે. આંખો સામે જે હોય તેને જુઓ, પણ સાથે એ પણ જુઓ કે તેમાં શું થઈ શકે તેમ છે.રસ્તો ગામના બધાનો હતો. ઢગલો એકલા અરુણનો નહોતો.પણ જ્યાં સુધી બધા રાહ જોતા હતા કે ×કોઈક કરશે×,ત્યાં સુધી કશું ન થયું. જેવો એક જણે શરૂઆત કરી,બધા જોડાયા.

આપણા ઘર,સોસાયટી,દેશના રસ્તા પર પણ કેટલાય ઢગલા પડ્યા છે. કચરાનો,ગેરસમજનો, આળસનો. આપણે વિચારીએ છીએ કે સરકાર કરશે, પાડોશી કરશે, મોટો ભાઈ કરશે. પણ રસ્તો તો બધાનો છે. જે પહેલા પાવડો ઉપાડે છે તે નાનો નથી થતો, તે મોટો બની જાય છે. અરુણ કોઈ સરપંચ નહોતો, સામાન્ય યુવાન હતો. પણ તેણે સાબિત કર્યું કે નેતા બનવા માટે પદની જરૂર નથી, પહેલ કરવાની જરૂર છે.

આ વાર્તા વાંચીને પૂરી ન કરતા. આજે સાંજે એક મિનિટ આંખ બંધ કરીને વિચારજો - મારા જીવનના રસ્તા વચ્ચે માટીનો કયો ઢગલો પડ્યો છે? કયા કામને હું રોજ જોઉં છું અને કહું છું કે ×આ નહીં થાય×? કયા સંબંધમાં હું રાહ જોઉં છું કે સામેવાળો પહેલ કરે?

તે ઢગલાને આજે આખો હટાવવાની જરૂર નથી.માત્ર સાયકલ જેટલી જગ્યા બનાવો. એક નાનો ફોન,એક નાનું પગલું, એક નાની માફી,દસ મિનિટનું વાંચન.રસ્તો ખુલશે તો વિશ્વાસ આવશે, વિશ્વાસ આવશે તો બીજા જોડાશે અને એક દિવસ તમે પાછળ વળીને જોશો તો રસ્તો આખો સાફ હશે.યાદ રાખો,જીવન માં કોઈ રસ્તો ક્યારેય સંપૂર્ણ બંધ નથી હોતો. બંધ હોય છે તો માત્ર આપણો પ્રયત્ન. પાવડો ઉપાડો, રસ્તો મળી જ જશે.

યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા

ગાંધીનગર મહાનગરપાલિકાની લાલ આંખઃ ગેરકાયદેસર પાણી અને ગટર જોડાણો સામે કડક કાર્યવાહી, ૬૧ નોટિસ ફટકારાઈ અને ૧૬ જોડાણો કપાત

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાને વધુ સુદઢ તેમજ સુવ્યવસ્થિત બનાવવા માટે ગેરકાયદેસર જોડાણો સામે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જાહેર સુવિધાઓનું યોગ્ય સંચાલન અને જાળવણી સુનિશ્ચિત કરવાના મુખ્ય હેતુ સાથે તંત્ર દ્વારા ગેરકાયદેસર રીતે મેળવાયેલા પાણી અને ગટરના જોડાણો ધરાવતા મિલકતધારકો સામે લાલ આંખ કરી નિયમાનુસારની સઘન કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

?આ કામગીરી અંતર્ગત મહાનગરપાલિકાના તંત્રની તપાસ દરમિયાન ધ્યાને આવેલા ગેરકાયદેસર જોડાણોના કિસ્સાઓમાં સંબંધિત મિલકતધારકો અને જવાબદાર વ્યક્તિઓને સત્તાવાર નોટિસો પાઠવવામાં આવી રહી છે. આ કાર્યવાહી દરમિયાન છેલ્લા બે દિવસમાં જ તંત્ર દ્વારા ઝુંબેશને વેગ આપીને કુલ ૬૧ જેટલી નોટિસો ઇશ્યૂ કરવામાં આવી છે. આ ઉપરાંત, નિયમોનો ભંગ કરી ગેરકાયદેસર રીતે લેવામાં આવેલા ૧૬ જેટલા પાણી અને ગટરનાં જોડાણોને સ્થળ પર જ કાપી નાખવાની સખત કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તમામ નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે તેઓ પોતાના રહેઠાણ કે વાણિજ્યિક એકમોના પાણી અને ગટરનાં જોડાણો સંપૂર્ણપણે કાયદેસર અને મહાનગરપાલિકાના પ્રવર્તમાન નિયમો અનુસાર જ હોવાની ખાસ ખાતરી કરે. શહેરની જાહેર સુવિધાઓના લાંબા ગાળાના યોગ્ય સંચાલન અને નિભાવ માટે તમામ શહેરીજનો જાગૃત બની સ્વયંભૂ રીતે મહાનગરપાલિકાને સહકાર આપે તે ખૂબ જ આવશ્યક છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જ દેશના ચૂંટણી પંચના ચૂંટણી કમિશનરની નિમણૂકની પ્રક્રિયામાં વિપક્ષના નેતાને પણ ભાગીદાર બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે : શ્રી જે.પી. નડ્ડાજી

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવે છે કે, દેશમાં અશાંતિ અને અરાજકતા ફેલાવી દેશની સંવિધાનિક સંસ્થાઓ અને ચૂંટણી પંચની વિશ્વસનીયતા સામે જનમાનસમાં ભ્રમ અને અવિશ્વાસનું વાતાવરણ ઊભું કરવાના કોંગ્રેસના નિમ્નસ્તરના પ્રયાસો સામે જનજાગૃતિના ઉદ્દેશ્ય સાથે ભારતીય જનતા પાર્ટીના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો અભિયાન' અંતર્ગત આજે અમદાવાદના નવા વાડજ ખાતે કેન્દ્રીય મંત્રી અને ભાજપાના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડાજી, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં પદયાત્રા યોજાઈ હતી.

આ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, ભાજપાના વરિષ્ઠ નેતા અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી પ્રવીણભાઈ માળી, શ્રીમતી દર્શનાબેન વાઘેલા, શ્રી ત્રિકમભાઈ છાંગા, શ્રી સ્વરૂપજી ઠાકોર, શ્રી પી.સી. બરંડા, પ્રદેશ સંગઠનના પદાધિકારીઓ, અમદાવાદના મેયર, શહેર અધ્યક્ષ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સિનિયર આગેવાનો, સ્થાનિક સંગઠન, કાર્યકર્તાઓ સહિત વિવિધ સામાજિક અગ્રણીઓ, પ્રબુદ્ધ નાગરિકો સહિત સ્થાનિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

કેન્દ્રીય મંત્રીશ્રી જે.પી. નડ્ડાજીએ આ પ્રસંગે સંબોધન કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ અને ઈન્ડી ગઠબંધન દ્વારા લોકશાહી વ્યવસ્થા અને સંવિધાનિક સંસ્થાઓ સામે કરવામાં આવી રહેલ ભ્રામક પ્રચાર તથા દેશમાં અરાજકતા ફેલાવવાના પ્રયાસોનો ભાજપાના કાર્યકર્તાઓ જનતાની વચ્ચે રહીને જડબાતોડ જવાબ આપશે. આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિશ્વભરમાં ભારતનો ડંકો વાગી રહ્યો છે. વિશ્વએ સ્વીકાર્યું છે કે લોકશાહીનું સાચા અર્થમાં જતન અને સંવર્ધન ભારતમાં થાય છે. ભારતના ચૂંટણી પંચ, સુપ્રીમ કોર્ટ અને અન્ય સંવિધાનિક સંસ્થાઓએ પોતાની ગરિમા અને નિષ્પક્ષતા જાળવીને વિશ્વ સમક્ષ ભારતીય લોકશાહીની મજબૂતી સાબિત કરી છે. આજે વિશ્વના અનેક દેશો ભારતની ચૂંટણી પ્રક્રિયા અને ચૂંટણી પંચની કામગીરીને ઉદાહરણ તરીકે જુએ છે.

તેમણે કોંગ્રેસ અને ઈન્ડી ગઠબંધનની રાજનીતિ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ચૂંટણીમાં જીત મળે ત્યારે જનતાના આશીર્વાદ ગણાવવા અને હાર થાય ત્યારે ચૂંટણી પંચને દોષિત ઠેરવવું એ કોંગ્રેસની રાજકીય તકવાદી માનસિકતા દર્શાવે છે. મતદાર યાદીની ચકાસણી દરમિયાન સ્થળાંતરિત થઈ ગયેલા, મૃત્યુ પામેલા, એકથી વધુ વખત નોંધાયેલા



તથા સરનામે ઉપલબ્ધ ન હોય તેવા મતદારોની વિગતો સામે આવે છે. આવા નામોની યોગ્ય ચકાસણી કરીને યાદી સુધારવી એ લોકશાહીને મજબૂત કરવાની આવશ્યક પ્રક્રિયા છે. જૈંઈ કોઈ નવી પ્રક્રિયા નથી. દેશમાં અગાઉ પણ અનેક વખત આ કામગીરી થઈ ચૂકી છે. ભૂતકાળમાં કોંગ્રેસના શાસન દરમિયાન પણ આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જ્યારે અટલજી અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનકાળમાં પણ મતદાર યાદીઓની વિશેષ સુધારણા કરવામાં આવી છે.

તેમણે કહ્યું કે, દેશની લોકશાહી વ્યવસ્થામાં માત્ર પાત્ર નાગરિકોને જ મતદાનનો અધિકાર મળે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. ઘૂસણખોરોના નામ મતદાર યાદીઓમાં સામેલ થવાથી લોકશાહી પ્રક્રિયાની વિશ્વસનીયતા સામે પ્રશ્નો ઊભા થાય છે. તેમણે પશ્ચિમ બંગાળમાં બાંગ્લાદેશની સરહદે આવેલા નવ જિલ્લાઓમાં મતદારોની સંખ્યામાં અસામાન્ય વધારો નોંધાયો હોવાનો ઉલ્લેખ કરતાં તેમણે મતદાર યાદીઓની સઘન ચકાસણીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

બિહારનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે, મતદાર યાદીઓની સુધારણા બાદ રાજ્યમાં આઝાદી બાદ પ્રથમ વખત આશરે ૬૬ ટકા મતદાન થયું હતું. કર્ણાટકના મહાદેવપુરા મતવિસ્તારમાં કથિત ગેરરીતિઓ અંગે રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલા આક્ષેપોનો ઉલ્લેખ કરતાં શ્રી નડ્ડાજીએ જણાવ્યું હતું કે, ચૂંટણી પંચે આક્ષેપોની તપાસ માટે જરૂરી પ્રક્રિયા અનુસરવા અને સોગંદનામા સાથે વિગતો રજૂ કરવા જણાવ્યું હતું. તેમ છતાં, તેમના જણાવ્યા અનુસાર, કોંગ્રેસ દ્વારા આ મામલે આગળની ઔપચારિક કાર્યવાહી કરવામાં આવી નથી. તેમણે કહ્યું હતું કે, જો કોઈને ચૂંટણી પ્રક્રિયા સામે વાંધો હોય તો યોગ્ય પુરાવા સાથે સક્ષમ સંસ્થાઓ સમક્ષ રજૂઆત કરવી જોઈએ. આક્ષેપો કરીને સંસ્થાઓની વિશ્વસનીયતા સામે પ્રશ્નો ઊભા કરવાથી લોકશાહી મજબૂત થતી નથી. શ્રી નડ્ડાજીએ કોંગ્રેસની રાજકીય કાર્યશૈલીની ટીકા કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસને જ્યારે પોતાની તરફેણમાં નિર્ણય ન મળે ત્યારે તે ન્યાયતંત્ર અને અન્ય સંસ્થાઓ સામે સવાલો ઊભા કરે છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસના શાસનકાળ દરમિયાન અનેક ચૂંટાયેલી સરકારોને બરતરફ કરવામાં આવી હતી અને પૂર્વ પ્રધાનમંત્રી શ્રીમતી ઈન્દિરા ગાંધીના શાસનમાં પણ વારંવાર ચૂંટાયેલી સરકારોને હટાવવામાં આવી હતી. તેની સામે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોની નિમણૂકની પ્રક્રિયામાં વિપક્ષના નેતાને પણ ભાગીદાર બનાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ લોકશાહી પ્રક્રિયામાં પારદર્શિતા અને સંસ્થાકીય સંતુલન જાળવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.

તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં લાંબા સમયથી સત્તા મેળવવામાં કોંગ્રેસ નિષ્ફળ રહી છે. ઝારખંડમાં પોતાની સરકાર રચવામાં મુશ્કેલી, ઓડિશામાં લાંબા સમયથી સત્તાથી દૂર રહેવું અને દિલ્હીમાં તથા કેન્દ્રમાં સતત પરાજયનો સામનો કરવો પડતાં કોંગ્રેસ હતાશ થઈ ગઈ છે. જનતાનો વિશ્વાસ ગુમાવ્યા બાદ કોંગ્રેસ હવે સંવિધાનિક સંસ્થાઓ અને લોકશાહી પ્રક્રિયા પર સવાલો ઉઠાવીને પોતાની નિષ્ફળતા છુપાવવાનો પ્રયાસ કરી રહી છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી માટે ભૂતકાળમાં કોંગ્રેસનાનેતાઓ દ્વારા અનેક વખત અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમને "મોતના સોદાગર", " ચા વાળો" અને "નીચ" જેવા શબ્દોથી સંબોધવામાં આવ્યા હતા, તેમ છતાં દેશની જનતાએ વારંવાર તેમને પોતાના આશીર્વાદ આપીને વડાપ્રધાન તરીકે ચૂંટ્યા છે. કોંગ્રેસે આ રાજકીય વાસ્તવિકતામાંથી બોધપાઠ લેવો જોઈએ અને જનતાના જનાદેશનું સન્માન કરતાં શીખવું જોઈએ.શ્રી નડ્ડાજીએ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગે દ્વારા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વર્ગસ્થ પિતાશ્રી અંગે કરવામાં આવેલી અશોભનીય ટિપ્પણીની ટીકા કરતાં જણાવ્યું હતું કે, રાજકીય મતભેદો વચ્ચે પણ વ્યક્તિગત અને સ્વર્ગસ્થ પરિવારજનો અંગે અપમાનજનક ભાષાનો ઉપયોગ અયોગ્ય છે અને દેશની જનતા કોંગ્રેસને યોગ્ય જવાબ આપશે. તેમણે ભાજપાના કાર્યકર્તાઓને કોંગ્રેસના ભ્રામક પ્રચારનો તથ્યોના આધારે જવાબ આપવા અને લોકશાહી તથા સંવિધાનિક સંસ્થાઓની વિશ્વસનીયતા અંગે જનજાગૃતિ ફેલાવવા આહવાન કર્યું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ ચૂંટણીમાં જનતાનો વિશ્વાસ જીતવામાં નિષ્ફળ જાય ત્યારે પોતાની હારની જવાબદારી સ્વીકારવાને બદલે પહેલા ઈફસ્ને દોષ આપતી અને હવે જૈંઈને દોષ આપે છે. લોકશાહીમાં જનતાનો જનાદેશ સર્વોપરી છે અને તેનો સ્વીકાર કરવો દરેક રાજકીય પક્ષની જવાબદારી છે.શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, માત્ર આક્ષેપોથી રાજનીતિ ચાલી શકતી નથી. ચૂંટણી જીતવા માટે જનતાની વચ્ચે જઈને કામ કરવું પડે, લોકોની સમસ્યાઓ સમજવી પડે અને જનવિશ્વાસ સંપાદિત કરવો પડે જેમાં કોંગ્રેસ સદંતર નિષ્ફળ રહી છે. સતત ચૂંટણીમાં પરાજય બાદ પણ કોંગ્રેસ આત્મમંથન કરવાને બદલે ચૂંટણી પ્રક્રિયા પર સવાલો ઉઠાવી રહી છે.

પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્રમોદીએ મનકીબાત' માંખાદી અને ગ્રામોદ્યોગની સિદ્ધિઓનો ઉલ્લેખ કરીને કારીગરોનો ઉત્સાહ વધાર્યો

કેવીઆઈસીના અધ્યક્ષશ્રીમનોજ ગોય લજી એ ખાદી પરિવારના લાખો કારીગરો તરફથી પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્રમોદીનો આભાર વ્યક્ત કર્યો.મનકી બાત' ના ૧૨ વર્ષ પૂર્ણ:પ્રધાનમંત્રીની અપીલથી ખાદીને નવી ઓળખ મળી અને સ્વદેશી ઉત્પાદનોપ્રત્યેજન વિશ્વાસ વધ્યો. ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (કેવીઆઈસી), સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય, ભારત સરકારના અધ્યક્ષ શ્રી મનોજ ગોયલજી એ રવિવારે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા' મનકી બાત' કાર્યક્રમના ૧૩૯મા એપિસોડમાં ખાદી અને ગ્રામોદ્યોગ ઉત્પાદનોના વધતા વેચાણનો ઉલ્લેખ કરવા તથા આગામી તહેવારો દરમિયાન સ્થાનિક કારીગરોના ઉત્પાદનોને પ્રાથમિકતા આપવાની અપીલ કરવા બદલ તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. તેમણે જણાવ્યું કે પ્રધાનમંત્રીનું આ પ્રોત્સાહન દેશભરના ખાદી અને ગ્રામોદ્યોગ સાથે જોડાયેલા લાખો કારીગરો, વણકરો, શિલ્પકારો અને ગ્રામ્ય ઉદ્યોગસાહસિકો માટે સન્માન, પ્રેરણા અને નવી ઊર્જાનો સ્ત્રોત છે. શ્રી ગોયલજી જણાવ્યું કે પ્રધાનમંત્રી દ્વારા ખાદી અને ગ્રામોદ્યોગને સતત પ્રોત્સાહન મળવાથી આ ક્ષેત્ર પરંપરાગત ઓળખથી આગળ વધીને રોજગાર સર્જન, મહિલા સશક્તિકરણ, ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવવા અને આત્મનિર્ભર ભારતના નિર્માણનું મહત્વપૂર્ણ માધ્યમ બન્યું છે. પ્રધાનમંત્રીની પ્રેરણાથી ખાદી આજે દેશના સાંસ્કૃતિક વારસાની સાથે આધુનિક ભારતના આત્મવિશ્વાસ, સ્વદેશી ભાવના અને આર્થિક સશક્તિકરણનું પ્રતીક બનીને ઊભરીછે.

પ્રધાનમંત્રીનો આભાર વ્યક્ત કસ્તાં કેવીઆઈસી ના અધ્યક્ષ શ્રી મનોજ ગોયલજી એ કાહ્યું, ' મનકી બાત ના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે આજના એપિસોડમાં ખાદી અને ગ્રામોદ્યોગનો ઉલ્લેખ અમારા માટે અત્યંત ગૌરવની ક્ષણ છે. પ્રધાનમંત્રીજીએ આ જ મંચ પરથી ૩ ઓક્ટોબર ૨૦૧૪ ના રોજ



ખાદી ખરીદવાનું આહ્વાન કરીને ખાદીને નવી ઓળખ આપી હતી. ત્યારથી તેઓ વારંવાર ખાદી અને સ્વદેશી અપનાવવાનો સંદેશ આપતા રહ્યા છે. ગાંધી જયંતિએ એક જ દિવસમાં ૨૮ કરોડ રૂપિયાથી વધુના વેચાણનો ઉલ્લેખ કરીને તેમણે ખાદીના લાખો કારીગરો, ખાસ કરીને મહિલાઓનું મનોબળ વધાર્યું છે. કેવીઆઈસી અને દેશના તમામ ખાદી કારીગરો માનનીય પ્રધાનમંત્રીજી પ્રત્યે હૃદયપૂર્વક આભારી છે. અમે સંકલ્પ લઈએ છીએ કે ગુણવત્તા, નવીનતા અને નવી પેઢી સાથે જોડાણ દ્વારા' વોકલ ફોર લોકલ' અને ' આત્મનિર્ભરભારત' ના તેમના દૃષ્ટિકોણને વધુ મજબૂત કરીશું." આ એપિસોડ એટલા માટે પણ વિશેષ રહ્યો કે' મનકી બાત' કાર્યક્રમને આજમહિને ૧૨ વર્ષપૂર્ણ થયાં. આકાર્યક્રમની શરૂઆત ૩ ઓક્ટોબર ૨૦૧૪ ના રોજ વિજયાદશમીના અવસરે થઈ હતી. શ્રી ગોયલજી એ યાદ અપાવ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ' મન કી બાત' દ્વારા અનેક પ્રસંગોએ ખાદીની સિદ્ધિઓની ચર્ચા કરી છે અને દેશવાસીઓને ખાદી ખરીદવાની અપીલ કરી છે. ૩ ઓક્ટોબર ૨૦૧૪ના પ્રથમ એપિસોડમાં ગાંધી જયંતિએ ખાદીની ઓછામાં ઓછી એક વસ્તુખરીદવાની અપીલ બાદ બીજા જ દિવસે, ૪ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ, ફ્લિપકાર્ટના મુખ્ય આઉટલેટ પર રેકોર્ડ વેચાણ નોંધાયું હતું. ત્યારબાદ ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૧ (૮૧મો એપિસોડ), ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૨ અને ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ કરવામાં આવેલી અપીલોના અનુસંધાને કનોટ પ્લેસ સ્થિત ખાદી ભવનમાં ૨ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ આશરે ૧.૩૪ કરોડ રૂપિયા અને ૨ ઓક્ટોબર ૨૦૨૩ નારોજ ૧.૫૨ કરોડ રૂપિયાથી વધુના વેચાણનો વિક્રમ નોંધાયો હતો. ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫ ના (૧૨૯મા એપિસોડમાં) પ્રધાનમંત્રીએ ૨ ઓક્ટોબરે ખાદીની કોઈ એક વસ્તુ ખરીદવા અને તેને ગર્વથી સ્વદેશી તરીકે ઓળખાવવાનું આહ્વાન કર્યું હતું. હવે ૨૫ ઓક્ટોબર ૨૦૨૬ ના ૧૩૯ મા એપિસોડમાં તેમણે ગાંધી જયંતિએ એક જ દિવસમાં ખાદી અને ગ્રામોદ્યોગ ઉત્પાદનોના ૨૮ કરોડ રૂપિયાથી વધુના વેચાણનો ઉલ્લેખ કરીને તહેવારોમાં સ્થાનિક ઉત્પાદનો ખરીદવાની અપીલ કરી છે.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ (ડાંગ) અને જયપુરના સંયુક્ત ઉપક્રમે "વેરહાઉસિંગ ડેવલપમેન્ટ" વિષય પર જાગૃતિ તાલીમ કાર્યક્રમ યોજાયો



ડાંગ આહવા : તા : ૨૭: કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ (ડાંગ) અને ચૌધરી ચરણ સિંહ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ એગ્રીકલ્ચરલ માર્કેટિંગ , જયપુર ના સંયુક્ત ઉપક્રમે ખેડૂતો માટે વેરહાઉસિંગ ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેટરી ઓથોરિટી વિષય પર એક જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ખેડૂતોને તેમની ઉપજના યોગ્ય ભાવ અપાવવા તેમજ સંગ્રહ અને નાણાકીય સુવિધાઓની જાણકારી પ્રદાન કરવાનો હતો.કાર્યક્રમમાં ના સલાહકાર ડૉ. રાહુલ સાંખલાએ ખેડૂતોને સંબોધતા જણાવ્યું કે અવારનવાર ખેડૂતો પોતાની ઉપજ મજબૂરીવશ ઓછા ભાવ પર વેચી દે છે. જો ખેડૂતો પોતાની ઉપજને ઉઢઈછ થી નોંધાયેલા ગોડાઉનોમાં સુરક્ષિત રાખે છે, તો તેમને ી-દ્રઉઇ (ઇલેક્ટ્રોનિક નેગોશિયેબલ વેરહાઉસ રસીદ) પ્રાપ્ત થાય છે. આ રસીદના આધારે ખેડૂતો બેંકમાંથી લોન અને વિવિધ પ્રકારની સબસિડી સુવિધાઓનો લાભ મેળવી શકે છે. આનાથી ખેડૂતો પોતાની ઉપજને યોગ્ય સમયે વેચીને વધુ નફો કમાઈ શકે છે.ડો. હર્ષદ એ. પ્રજાપતિ (વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા) દ્વારા લણણી પછીના નુકસાનને ઘટાડવા અને ખેતરના સ્તર પર સંગ્રહ પદ્ધતિઓ માટે કૃષિ ચીજવસ્તુઓના વૈજ્ઞાનિક સંગ્રહના ફાયદા અને શ્રી ગૌરાંગ પડસાળા (વૈજ્ઞાનિક (કૃષિ વિસ્તરણ)) દ્વારા વેરહાઉસિંગના ફાયદા અને મુખ્ય સુવિધાઓ વિશે ખેડૂતોને માહિતગાર કર્યા હતા.કાર્યક્રમના અંતિમ ભાગમાં ખેડૂતોને નજીકના વેરહાઉસની મુલાકાત કરાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં લગભગ ૫૦ ખેડૂતોએ સક્રિયપણે ભાગ લીધો હતો.

સંપૂર્ણમ ફ્લેટ અને સંસ્કૃત ભારતી દ્વારા મહર્ષિ વાલ્મિકી જયંતી ઉજવણી કરવામાં આવી

સંપૂર્ણમ ફ્લેટ રાંધેજા ખાતે શરદ પૂનમની સાંજે સંસ્કૃત ભારતી ગાંધીનગર જનપદ દ્વારા મહર્ષિ વાલ્મિકી જયંતી ઉજવણી કરવામાં આવી, સોસાયટીના સર્વે સભ્યો તેમજ આમંત્રિત મહાનુભાવો દ્વારા મહર્ષિ વાલ્મિકી રચિત રામાયણ ગ્રંથોની આરતી અને પૂજન કરવામાં આવ્યુ, ત્યારબાદ સોસાયટી પ્રમુખ રવિન્દ્રભાઈ પ્રજાપતિ તેમજ સોસાયટીના વડીલો જયંતીભાઈ, બાબુભાઈ, હસમુખભાઈ, કિરીટભાઈ અને સનાભાઈનું સંસ્કૃત ભારતી અધિકારીઓ દ્વારા ખેસ પહેરાવી આભાર સહ સમ્માન કરવામાં આવ્યુ, આ પ્રસંગે સંસ્કૃતભારતી ગુજરાત પ્રાંત મહાવિદ્યાલય પ્રમુખ આશિષ જનકરાય દવે દ્વારા મહર્ષિ વાલ્મિકીજીના સાંસ્કૃતિક તેમજ સામાજિક યોગદાન સાથે સંસ્કૃત ભાષા મહત્વ સાથે દૈનિક જીવનમાં તેની સ્વીકૃતિની અનિવાર્યતા અને સંસ્કૃત ભારતીનો પરિચય આપવામાં આવ્યો, ગાંધીનગર વિભાગ સંયોજક હિમાંશુભાઈ પંડ્યા દ્વારા સંસ્કૃત ભાષાની વ્યવહારમાં સરળતા સમજાવતા પ્રાત્યક્ષિક દ્વારા સૌને સામેલ કરી ઉત્સાહ વર્ધક વાતાવરણ સર્જી દીધું હતું, સંસ્કૃત ભારતી ગુજરાત પ્રાંત સંગઠનમંત્રી નવીનજી અત્રી દ્વાર કીડા સ્વરૂપે અંક પરિચય ગીત લેવામાં આવ્યુ હતુ, બાલકેન્દ્ર સાંયોજિકા સરીતા પંડ્યા દ્વારા સાંગિક ગીત કરાવવામાં આવ્યું, ગાંધીનગર જનપદ મંત્રી હેમંતભાઈ વૈષ્ણવ દ્વારા ઉપસ્થિત તમામ સદસ્યોને વદતુ સંસ્કૃત લઘુ પુસ્તિકા ભેંટ કરવામાં આવી, ગુરુકુળ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્ય ડૉ. સંજયભાઈ રાવલે ઉપસ્થિત રહી સૌના ઉત્સાહમાં વૃધ્ધિ કરેલ, પ્રસાદ બાદ સ્વદેશી પેય પાયોશા લેમન ટી ગ્રહણ કરી



કાર્યક્રમ પૂર્ણ ઘોષિત કરવામાં આવ્યો, સમગ્ર કાર્યક્રમનું આયોજન સોસાયટીના આગેવાનો તેમજ સંસ્કૃત અનુરાગી પ્રાધ્યાપકો ઠાકોરભાઈ નાયક, મહર્ષિભાઈ રહેવર, કૃષ્ણવિરસિંહ ઝાલા અને ગાંધીનગર શ્લોક પઠન કેન્દ્ર સાંયોજિકા ગીતાબેન દવે, યશરાજ દવે તેમજ સોસાયટીના ભાઈઓ બહેનો અને બાળકો દ્વારા કરવામાં આવ્યું હતું.સંપૂર્ણમ ફ્લેટની માતાઓ અને વડીલોએ જણાવ્યુ કે સંસ્કૃત સંભાષણ શીખવું અતિ સરળ છે તે આજે પ્રથમ વખત અનુભવેલ છે તેઓએ સંસ્કૃત ભારતીને સોસાયટીમાં નિયમીત સંભાષણ વર્ગ ચલાવવા નિવેદન કરતા જણાવ્યું કે આપ દેવભાષા પ્રસાર અને નવી પેઢીના ઘડતર માટે અમારા ત્યાં પધારો અમો આપને તમામ માળખાગત સુવિધાઓ પૂરી પાડીશું.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat